મહિધરપુરા ભવાની વડ પાસે બપોરના દોઢ વાગ્યે ડી. પ્રવિણ કુમાર એન્ડ કંપનીના આંગડિયા પેઢીના કર્મચારીને લૂંટી લેવાયો

સીસીટીવી ફૂટેજમાં કર્મચારી નોટના થેલા સાથે ચૂપચાપ વિરોધ કર્યા વગર બેસતા દેખાયો

પોલીસ કહે છે ચાર જેટલા લુંટારુ હોવાની શક્યતા, લુંટારુઓએ બાઇક પર આંગડિયા પેઢીના કર્મચારીને બેસાડીને કામરેજ ચાર રસ્તા પર છોડી દીધો

સુરતઃ મહિધરપુરા હીરા બજારમાં બપોરના દોઢ વાગ્યે ભવાનીવડ ખાતે આવેલી ડી. પ્રવિણકુમાર એન્ડ કંપનીની પેઢી પર કર્મચારીનું અપહણ કરીને 88 લાખની સનસનીખેજ થયેલી લૂંટ બાદ શહેર પોલીસ આરોપીઓને શોધવા મેદાનમાં ઉતરી છે. સાથે ચાર પોલીસ મથક ચોક, મહિધરપુરા, લાલગેટ અને અઠવા પોલીસ પણ તપાસમાં જોતરાયા હોવાની વિગત જાણવા મળી છે. મોડી રાત સુધી ક્રાઇમ બ્રાન્ચ આરોપીઓને શોધી રહી હોવાની વિગત જાણવા મળી છે. ધોળે દહાડે બપોરના દોઢ વાગ્યે હજારો લોકોની વચ્ચેથી જે રીતે ડી. પ્રવિણકુમાર એન્ડ કંપનીની પેઢીના કર્મચારીને બાઇક પર બેસાડીને લઇ જવામાં આવ્યો અને આ કર્મચારીએ કોઇ વિરોધ જ નહીં કર્યો તે વાત હાલમાં પોલીસ તપાસ પર છે.

પોલીસે તપાસ ચાલી રહી હોવાથી વધારે કંઈ કહેવા ઇનકાર કર્યો છે. દરમિયાન ક્રાઇમ બ્રાન્ચે ચાર જેટલા લૂંટારૂ હોવાની વાત કરી રહી છે.

લાલગેટ પોલીસ દારૂ અને જુગારમાં વ્યસ્ત

લાલગેટ પોલીસની હદમાં આ લૂંટ થતા લાલગેટ પોલીસની પોલ લૂંટારૂએ ખુલ્લી કરી નાંખી છે. લાલગેટ પોલીસનું ધ્યાન દારૂ અને જુગારના અડ્ડા પર છે હાલમાં વીસ કરતા વધારે દારૂ અને જુગારના અડા અહીં ચાલી રહ્યાં છે. ત્યારે સ્થાનિક પોલીસને લોકોની વ્યવસ્થામાં કોઇ રસ નહીં હોવાનું ચિત્ર ઉપસ્યું છે.

કેવી રીતે લૂંટ કરાઇ ક્રાઇમ બ્રાન્ચે તપાસ શરૂ કરી

સરેઆમ બાઇક પર જે રીતે અપહરણ કરીને 88 લાખ રૂપિયા ભરેલી બેગ લૂંટી લેવામાં આવી તે વાત હાલમાં ક્રાઇમ બ્રાન્ચ માની રહી નથી. ક્રાઇમ બ્રાન્ચે આ લૂંટમાં જે લૂંટનો ભોગ બન્યો છે તે આંગડિયા પેઢીના કર્મચારીની ઉલટ તપાસ કરી રહી છે. મોડી સાંજે ક્રાઇમ બ્રાન્ચે જણાવ્યું કે આરોપીઓ કામરેજ ખાતે નાણાંનો થેલો લઇને ભાગી ગયા છે. જયારે ડી. પ્રવિણકુમાર એન્ડ કંપનીની આંગડિયા પેઢીના કર્મચારીને રસ્તા પર છોડી દીધો છે.

આખી લૂંટ જ છે શંકાના દાયરામાં... આ છે કારણ

- પોલીસે સીસીટીવી કેમેરા ચેક કરતા તેમાં હીરો હોન્ડા બાઇક પર ચૂપચાપ આંગડિયા પેઢીનો કર્મચારી બેસી જતા જોવા મળે છે.
- આંગડિયા પેઢીના કર્મચારીને કોઇ તમંચો બતાવાયો નથી તો પણ તે શા માટે નાણા ભરેલો કોથળો લઇને બેસી ગયો તે મામલે પોલીસ તપાસ કરી રહી છે.
- લૂંટમાં ચાર જેટલા લોકો સામેલ હોવાની વિગત જાણવા મળી છે. હાલમાં પોલીસ બે જણા હોવાની વાત કરી રહી છે
- ડી. પ્રવિણકુમાર એન્ડ કંપનીના કર્મચારીઓની ઉલટ તપાસ કરવામાં આવી રહી છે.
- ક્રાઇમ બ્રાન્ચ કામરેજ ચાર રસ્તા પર જયા આંગડિયાના કર્મચારીને છોડવામાં આવ્યો તે સ્થળે આ કર્મચારીને લઇને તપાસ શરૂ કરી છે
- 100 જેટલો પોલીસ સ્ટાફ હાલમાં લૂંટમાં છે.
- બપોરના દોઢ વાગ્યે હજારો લોકોની વચ્ચે જે રીતે બાઇક પર બેસીને લૂંટ કરવામાં આવી તે થિયરી પોલીસના ગળે ઉતરી રહી નથી

‘દાગીના પહેરેલા જોઈને સાહેબ વિધવા પેન્શન નહીં આપે, ઈશારો કરીશ ત્યારે આવજો’

વિધવા સહાય પેન્શન અપાવવાના બહાને બેભાન કરી વૃદ્ધા પાસેથી દાગીના લૂંટી લેવાયા

સુરત : ગટર ઉભરાવવાની ફરિયાદ કરવા ગયેલી 70 વર્ષીય વૃદ્ધાને હરિનગર વિસ્તારની મહિલા ભટકાઇ ગઇ હતી. તેણે વૃદ્ધાને વિધવા સહાય પેન્શન અપાવવાની લાલચ આપી હતી. વાતો કરીને વૃદ્ધાને દુપટ્ટામાં કાઇ સુંઘાડી દીધુ હતુ. અને વૃદ્ધાએ પહેરેલા સિત્તેર હજારના દાગીના ઉતરીને આ મહિલા પલાયન થઇ ગઇ હતી. આ વૃદ્ધાને રિક્ષામાં બેસાડીને જૂની બોમ્બે માર્કેટ નજીક શૌચાલય પાસે છોડી દેવામાં આવી હતી.

ઉધના હરીનગરની પાછળ પટેલનગર સોસાયટીમાં રહેતા મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના સિરપુરના વતની ૭૦ વર્ષીય જયનાબેનને હશનભાઈ ખટીક ગત તા. ૨ જાન્યુઆરીના રોજ બપોરના બેથી ચાર વાગ્યાના આરસામાં તેના ઘર પાસે ઉભરાતી ગટરની ફરિયાદ કરવા માટે મનપાના ઉધના ઝોન ઓફિસમાં ફરિયાદ કરવા માટે ગયા હતા અને ફરિયાદ કરી પરત ચાલતા ચાલતા પોતાના ઘરે જતા હતા તે વખતે રસ્તામાં હરિનગર પાસે તેમની સાથે ઠગબાજ મહિલાનો ભેટો થયો હતો. ઠગબાજ મહિલાઓ વૃદ્ધા જયના બેનને તેના ઘરની પાછળ રહેતી રઝીયા તરીકે ઓળખ આપી હતી અને પોતે વિધવા સહાય પેન્શન અપાવાની વાત કરી વિશ્વાસમાં લઈ વાતોમાં નાખી દુપટ્ટામાં નશીલો પદાર્થ નાંખી તે દુપટ્ટો જયના બેનના નાક પાસે લાવી સુંઘાડી બેભાન કરી દીધા હતા. ત્યાર બાદ રીક્ષામાં બેસાડી જુની બોમ્બે માર્કેટ પાસે જાહેર શોચાલયમાં લઈ જઈ વૃદ્ધાએ શરીર ઉપર પહેરેલી સોનાની ૮ ગ્રામની બાલી નંગ-૮ જેની કિંમત રૂપિયા ૩૫ હજાર, ગળામાં પહેરેલું ૫ ગ્રામનું સોનાનું પેન્ડલ જેની કિંમત રૂપિયા ૨૦ હજાર અને ૫ ગ્રામની સોનાના મોતીની માળા જેની કિંમત રૂપિયા ૨૦ હજાર મળી કુલ રૂપિયા ૭૫ હજારની મત્તાના દાગીના લૂંટી લીધા હતા. જોકે આ અંગે અર્ધબેભાન અવસ્થામાં રહેલા જયના બેનને ઠગબાજ મહિલાએ દાગીના કેમ ઉતાર્યા પુછતા ઠગબાજ મહિલાએ ‘સાહેબ દાગીના પહેરેલા જોઈને વિધવા પેન્શન નહી આપશે અને હું સાહેબને મળી આવુ છું અને ઈશારો કરીશ ત્યારે આવજો’ એવું કહી દાગીના લઈને નાસી ગઈ હતી. બનાવ અંગે વરાછા પોલીસે જયના બેન ખટીકની ફરિયાદને આધારે ગુનો દાખલ કર્યો હોવાની વિગત જાણવા મળી છે.

બચત યોજનામાં થયેલી છેતરપિંડીના ગુનામાં જામીન મંજૂર

સુરતઃ ભાગ્યલક્ષ્મી બચત યોજના અને લક્ષ્મી પુજન બચત યોજનામાં થયેલા લાખો રૂપિયાની વિશ્વાસઘાત તેમજ છેતરપીડીના ગુન્હામાં આરોપી અનિલભાઈ કાનજીભાઈ ભોજ તથા અરવિંદભાઈ કાનજીભાઈ ભોજના જામીન કોર્ટે મંજૂર કર્યા છે. ચોકબજાર પોલીસમાં આરોપીઓ વિરૂધ્ધ થયેલી ફરિયાદમાં આરોપીઓ અનિલભાઈ કાનજીભાઈ ભોજ તથા અરવિંદભાઈ કાનજીભાઈ ભોજની અટક કર્યા બાદ તેઓએ સેશન્સ કોર્ટમાં જામીન મેળવવા માટે અરજી કરી હતી. બંને આરોપીઓએ આ યોજના ચાલુ કરી હોય તેવો કોઈ સીધો પુરાવો નહીં હોવાથી તેઓને જામીન પર મુક્ત કરવા અરજ ગુજારેલ. પ્રિન્સિપાલ એન્ડ સેશન્સ જજ એ.આઈ. રાવલે આરોપી તરફે રજુ કરવામાં આવેલા પુરાવાને ધ્યાને લઈ રૂા.૫૦,૦૦૦/-ના શરતી જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. આરોપીઓ તરફે એડવોકેટ શૈલેષ બી. પવાર તથા મુકેશ સોસાએ દલીલો કરી હતી.

સુરત મનપાએ વિકાસ કામો માટે 9 માસમાં 2055 કરોડ ખર્ચ કર્યો

નાણાકીય વર્ષ પૂરું થતા સુધીમાં વધુ 1 હજાર કરોડનાં કામો કરવાનો લક્ષ્યાંક

સુરતઃ સુરત મહાનગર પાલિકાનું વર્ષ 2023-24નું 7707 કરોડનું બજેટ મંજૂર કરાયું હતું. આ બજેટમાં વિકાસ કામો માટે 3579 કરોડની જંબો જોગવાઇ મૂકવામાં આવી હતી. તેમજ બજેટમાં સમાવિષ્ટ કરાયેલાં વિકાસ કામો શિડ્યુલ મુજબ હાથ ધરવા માટે મનપા કમિશનર શાલીની અગ્રવાલે પહેલાથી જ આયોજન કર્યું હતું. જેના પરિણામરૂપે નાણાકીય વર્ષના ત્રણ ક્વાર્ટર પૂરા થયા બાદ એટલે કે, 9 માસમાં જ આ વખતે 2055 કરોડનાં કામો પૂરાં કરવાનો વિક્રમ કરી લીધો છે. તેમજ આ વર્ષે કેપિટલ ખર્ચ 3000 કરોડને પાર થાય તેવી શક્યતા દેખાઇ રહી છે.

મનપાનાં સૂત્રોના જણાવ્યા મુજબ 3579 કરોડનાં વિકાસ કામો માટેની જોગવાઇ કરીને મનપા કમિશનર દ્વારા બજેટમાં મુકાયેલા તમામ પ્રોજેક્ટને ફ્લોર પર લાવવા સતત મોનિટરિંગ કરાયું હતું. વર્ષ 2022-23માં કેપિટલ કામો પાછળ 2500 કરોડનો રેકોર્ડ થયો હતો. પરંતુ આ વખતે 31મી ડિસેમ્બર સુધીમાં એટલે કે 9 મહિનામાં વિકાસ કામો પાછળનો કેપિટલ ખર્ચ 2055 કરોડ પર પહોંચ્યો છે. દરમિયાન તાજેતરમાં મનપા કમિશનરે રિવ્યુ મિટિંગ લીધી હતી, જેમાં બજેટમાં જે પ્રોજેક્ટ સમાવાયા છે. એ પૈકી જે પ્રોજેક્ટ નથી શરૂ થયા તેને ઝડપથી પ્રારંભ કરવા સૂચના આપી છે તેમજ 31મી માર્ચ સુધીના ત્રણ મહિનામાં વધુ 1 હજાર કરોડનો ખર્ચ કરવા લક્ષ્યાંક અપાયો હોવાથી આ વખતે વિકાસ કામોનો ખર્ચ 3000 કરોડને પાર થાય તેવી સંભાવના છે.

ટપાલ સેવા અને પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સુરતમાં ‘ડાક અદાલત અને પેન્શન અદાલત’

સુરત : ટપાલ સેવા અને પેન્શન સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ નાનપુરા હેડ પોસ્ટ ઓફીસ બિલ્ડીંગ સુરત ખાતે ત્રીજા માળે તારીખ ૧૨-૦૧-૨૦૨૪ ને શુક્રવારના રોજ ૪:૦૦ કલાકે “ડાક અદાલત” તથા ૪:૩૦ કલાકે પેન્શન અદાલતનું આયોજન કરાયું છે.

‘ડાક અદાલત તથા પેન્શન અદાલત’માં રજુ કરવાની ફરિયાદો ‘સિનિયર સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ સુરત ડિવીઝન સુરત, નાનપુરા હેડ પોસ્ટ ઓફીસ બિલ્ડીંગ ત્રીજો માળ સુરત - ૩૯૫૦૦૧’ ના ઉપરોક્ત સરનામે મોડામાં મોડી તારીખ ૧૧-૦૧-૨૦૨૪ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે, ત્યારબાદ મળેલી ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

મનપાના કર્મચારીઓની જમા રજાઓ આ વર્ષમાં ભોગવી શકે તે માટે રજૂઆત

અનેક વખત રજૂઆતો પરંતુ તંત્ર તરફથી પ્રતિભાવ નહીં મળતો હોવાના મુદ્દા સાથે આંદોલનની ચીમકી

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં કાર્યરત સુરત સુધરાઈ કામદાર સ્ટાફ મંડળ તરફથી મનપા કમિશનરને આવેદન આપી રજુઆત કરવામાં આવી હતી કે, વર્ષ 2023ના વર્ષ દરમિયાન કર્મચારીઓની જમા થયેલી રજા અને વધારાની ફરજ બજાવી હોય તેમના ‘ડ્યુટી ઓફ’ મોટી સંખ્યામાં ભેગા થયા છે. ઈલેક્શન અને બીજી ઘણી બધી કામગીરીઓને કારણે કર્મચારીઓ પોતાની જમા રજા ભોગવી શક્યા નથી. જેથી આગામી વર્ષ 2024માં તારીખ 31/12/2024 સુધી ભોગવી શકે તે માટે, યુનિયન તરફથી તારીખ 12/12/2023 ના રોજ લેખિત રજૂઆત કરી હતી. તેમજ ત્યારબાદ આ અંગે અનેક વખત ડેપ્યુટી કમિશનરને પણ મૌખિક રજુઆતો કરવામાં આવી હતી. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, 2024નું વર્ષ પણ શરૂ થઈ ગયું છે. મોટાભાગના કર્મચારીઓએ વર્ષ 2023ના વર્ષમાં 20 થી 25 દિવસ વધુ કામગીરી કરીને તેની રજા જમા કરાવી છે. સમગ્ર વર્ષ દરમિયાન અનેક પ્રકારના સરકારી, અર્ધસરકારી તથા મહાનગરપાલિકાના કાર્યક્રમમાં તથા વિવિધ ઝુંબેશ અને રાત દિવસ કામગીરી કરીને આ રજાઓ જમા કરી છે. જે કોઈપણ સંજોગોમાં આગામી વર્ષ 2024માં તારીખ 31/12/2024 સુધી ભોગવવા માટેની મંજૂરી તાકીદે આપવા માંગ કરી હતી, નહીં તો આંદોલન કરાશે તેવી ચીમકી આપી હતી.

દોઢ મહિના પહેલાં જ પિતા બનેલા 21 વર્ષના યુવકે ફાંસો ખાઈ લીધો

સુરતઃ પાંડેસરામાં 21 વર્ષીય યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ બિહારના વતની અને હાલ પાંડેસરા લક્ષ્મીનગરમાં રાહુલ અમિત રાઉત (21 વર્ષ) પત્ની સાથે રહેતો હતો. રાહુલ જરીના ખાતામાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. શુક્રવારે સવારે રાહુલે ઘરમાં પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. રાહુલની પત્નીને ગર્ભ હોવાથી તે પાંડેસરા ખાતે પિયરે ગઈ હતી. તેમજ દોઢ મહિના પહેલા તેને બાળકને જન્મ આપ્યો હતો.

કેજરીવાલ જેલમાં જવાના છે, તેથી તમે રઘવાયા થયા છો...ઉનડકટની ટકોર

સામાન્ય સભામાં વિપક્ષી મહિલા કોર્પોરેટર પર કોમેન્ટ મુદ્દે ભાજપના નગરસેવકોનો ઘેરાવ કરી બંગડી અપાઈ

સામા પક્ષે ભાજપી નગરસેવકે પણ હું શું બોલ્યો હતો...તેવા સવાલ કરી વિપક્ષી નેતા પાયલ સાકરિયાને કહ્યું: ‘બંગડી મહિલાનું આભૂષણ છે, પહેલા તમે તો પહેરો’

સુરતઃ સુરત મનપાની ગત સામાન્ય સભામાં વિપક્ષનાં મહિલા નગરસેવક રજૂઆત કરી રહ્યાં હતાં. ત્યારે ભાજપના નગરસેવક દ્વારા હંસા...પરમાર... હંસા...પરમાર... બોલી બોલીને કોમેન્ટ કરાતાં સભામાં ભારે હોબાળો થયો હતો. જો કે ત્યારે તો શાસકોએ બહુમતીના જોરે વિપક્ષના વિરોધને દબાવી દીધો હતો. પરંતુ સભાના 7 દિવસ બાદ શુક્રવારે ગાર્ડન સમિતિની મિટિંગ મળી હતી, જેમાં ભાજપના કોર્પોરેટર વ્રજેશ ઉનડકટ હાજરી આપવા માટે આવ્યા હતા. વ્રજેશ ઉનડકટ આ કોમેન્ટ કરનારાઓમાં સામેલ હોવાનો આક્ષેપ હોવાથી વિપક્ષી મહિલાઓએ તેનો ઘેરાવ કર્યો હતો. મનપાની મુખ્ય કચેરી બહાર વિપક્ષી મહિલાઓએ હાથમાં બેનર્સ લઈ વિરોધ પ્રદર્શન કર્યુ હતું. વિરોધ પ્રદર્શન કરી રહેલી આપની મહિલા કોર્પોરેટરોને વ્રજેશ ઉનડકટે એવી ટકોર પણ કરી હતી કે, કેજરીવાલ જેલમાં જવાના છે. તેથી તમે બધા રઘવાયા બન્યા છો અને આવું કરી રહ્યા છો.

ગત સામાન્ય સભામાં આપના નેતા અરવિંદ કેજરીવાલના વિરોધ સાથે કરવામાં આવેલી ટિપ્પણી અને મહિલા કોર્પોરેટર માટે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વિડીયો ટાંકીને હંસાબેન ભરતભાઈ પરમારના નામની કોમેન્ટ કરવામાં આવી હતી. આ મુદ્દે મનપાની સામાન્ય સભામાં ભારે હોબાળો થયો હતો. જેથી વિપક્ષની મહિલા કોર્પોરેટરોએ શુક્રવારે ગાર્ડન સમિતિની બેઠક પહેલા મુખ્ય કચેરી બહાર વિરોધ નોંધાવ્યો હતો. વિરોધ પક્ષનાં મહિલા કોર્પોરેટરે ભાજપના કોર્પોરેટર વ્રજેશ ઉનડકટનો ઘેરો કરી તેમની વિરુદ્ધ સૂત્રોચાર કર્યા હતા. મહિલા વિરુદ્ધ ટિપ્પણી કરી છે, મહિલાઓનું અપમાન કર્યું છે તેમ કહીને ભાજપના કોર્પોરેટરને બંગડી આપવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન વ્રજેશ ઉનડકટે વિપક્ષી મહિલા નેતા પાયલ સાકરિયાને એવું પણ કહ્યું હતું કે, બંગડી મહિલાઓનું આભૂષણ છે. પહેલા તમે તો પહેરો, પછી બીજાને આપો.

જાગ્યા ત્યાથી સવાર રખડતાં ઢોરના મુદ્દે કોર્ટે સરકારની ઝાટકણી કાઢ્યા બાદ સુરત મનપા, કલેક્ટરનું તંત્ર અને પોલીસ હરકતમાં આવી હતી

મનપાએ 2023ના વર્ષમાં પકડેલા રખડતાં ઢોર પૈકી 4511 કાયમી ધોરણે જપ્ત

મનપાએ એક વર્ષમાં 8211 રખડતા ઢોર પકડ્યા, 1 કરોડથી વધુનો દંડ કરાયો

સુરતઃ સમગ્ર રાજ્યમાં રખડતા ઢોરનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે. રખડતા ઢોર મુદ્દે અગાઉ હાઇકોર્ટ દ્વારા રાજ્ય સરકારની કામગીરીની ઝાટકણી કાઢવામાં આવી હતી. જેથી બાદમાં રાજ્ય સરકારે તમામ મહાનગર પાલિકાને સઘન કામગીરી કરી રિપોર્ટ આપવા જણાવ્યું હતું. સુરત મહાનગર પાલિકા દ્વારા શરૂઆતમાં સારી કામગીરી કર્યા બાદ આ કામગીરી ગોકળગાયની ગતિ પર આવી ગઇ હતી. જોકે ફરીથી કોર્ટે ઝાટકણી કાઢતા સુરત મહાનગરપાલિકાનું તંત્ર સફાળું જાગ્યું હતું અને રખડતા ઢોર પકડવાની કામગીરી રાઉન્ડ ધ ક્લોક કરવામાં આવી છે. છેલ્લા 1 વર્ષમાં મનપા દ્વારા કુલ 8211 રખડતા ઢોર પકડવામાં આવ્યા છે. અને છેલ્લા 1 વર્ષમાં 1 કરોડથી વધુનો દંડ કરાયો છે. મહત્વની વાત એ છે કે આ વખતે રખડતા ઢોરના ન્યુસન્સ મુદ્દે મનપાએ કડક રૂખ અપનાવ્યો છે. અને પકડાયેલા 8211 ઢોર પૈકી અડધાથી વધુ એટલે કે 4511 વિવિધ કારણોસર કાયમી ધોરણે જપ્ત કરી જુદી જુદી પાંજરાપોળમાં મોકલી અપાયા છે.

રખડતા ઢોરના ન્યુસન્સ મુદ્દે કોર્ટે સરકારની ઝાટકણી કાઢ્યા બાદ સુરત મહાનગરપાલિકા, કલેક્ટર કચેરી અને પોલીસ વચ્ચે 2 મહિના અગાઉ સંયુક્ત બેઠક થઈ હતી. જેમાં ત્રણેય વિભાગની સંયુક્ત ટીમ બનાવી રખડતા ઢોરનું ન્યુસન્સ દુર કરવા માટે કામગીરી કરવા નિર્ણય કરવામાં આવ્યો હતો. આ નિર્ણય બાદ મનપા દ્વારા કુલ 16 ટીમો બનાવાઈ હતી. જેમાં સવારે 7 ટીમો સાંજે 7 ટીમો અને રાત્રે 2 ટીમો કામ પર લાગી હતી અને તબક્કાવાર ટીમો વધારવામાં આવી હતી.

કુલ 53,369 પશુને આરએફઆઈડી ટેગ લાગ્યા

મનપા દ્વારા રખડતા ઢોરને પકડીને આરએફઆઈડી ટેગ લગાડવામાં આવી રહ્યા છે. હાઈકોર્ટની સુચના બાદ ડિસેમ્બર સુધીમાં ફરજીયાત તમામ પશુઓને આરએફઆઈડી ટેગ લગાડવાની સુચના બાદ મનપા દ્વારા આરએફઆઈડી લગાડવાની કામગીરી સઘન કરવામાં આવી હતી. મનપા દ્વારા આજદિન સુધીમાં કુલ 53,369 પશુઓને આરએફઆઈડી ટેગ લગાડવામાં આવ્યા છે. અત્યાર સુધી આરએફઆઇડી ટેગનો ચાર્જ માત્ર 200 રૂપીયા હતા. પરંતુ હવે 1લી જાન્યુઆરી બાદ 1000નો ચાર્જ લેવાશે

31મી જાન્યુ. છેલ્લી તારીખ, છતાં માત્ર 9 અરજી

રખડતા ઢોરના ન્યુસન્સને નાથવા માટે સરકાર જે નવી પોલીસી લાવી છે. તેમાં પશુ પાલકોએ પશુઓને રાખવાની જગ્યાનું વેરીફીકેશન કરાવી પોતાના તમામ પશુઓનું રજીસ્ટ્રેશન સુરત મનપા ખાતે કરાવવું ફરજીયાત છે. જો કે આ રજીસ્ટ્રેશન માટે 31મી જાન્યુઆરી છેલ્લો દિવસ હોવા છતાં હજુ સુધી માત્ર 9 અરજીઓ રજીસ્ટ્રેશન માટે આવી છે.

છેલ્લા 1 વર્ષની કામગીરી

માસ	રખડતાં ઢોર પકડ્યા	દંડ
જાન્યુ	9876	6,50,250
ફેબ્રુઆરી	758	6,69,500
માર્ચ	849	7,80,725
એપ્રિલ	566	7,16,200
મે	707	7,67,145
જુન	549	8,37,450
જુલાઈ	563	9,92,650
ઓગસ્ટ	602	10,04,200
સપ્ટેમ્બર	466	9,15,050
ઓક્ટોબર	717	8,62,175
નવેમ્બર	753	8,95,700
ડિસેમ્બર	694	9,69,000
કુલ	8211	1,00,60,045

સંક્ષિપ્ત સમાચાર

લોહાણા બિઝનેસ ડેવલપમેન્ટ કમિટીએ એલઆઇબીએફ એક્સ્પો-2024નું અનાવરણ કર્યું

અમદાવાદઃ આગામી 18થી 21 જાન્યુઆરી 2024 દરમિયાન હેલીપેડ એક્ઝિબિશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત ખાતે યોજાનાર એલઆઇબીએફ એક્સ્પો 2024નું પૂર્વાવલોકન પૂરૂં પાડતી અમદાવાદમાં આજે યોજાયેલી સફળ અને આંતરદૃષ્ટિપૂર્ણ પત્રકાર પરિષદની જાહેરાત કરતાં લોહાણા બિઝનેસ ડેવલપમેન્ટ કમિટી રોમાંચિત છે. એલઆઇબીએફ એક્સ્પો 2024 આંતરરાષ્ટ્રીય સહયોગ, નેટવર્કિંગ અને વેપાર અને રોકાણની તકોના અન્વેષણ માટે એક અનોખું મંચ સ્થાપિત કરવા માટે સમર્પિત છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહાનુભાવોમાં લોહાણા સમાજના પ્રમુખ સતીશ વિઠ્ઠલાણી; લોહાણા બિઝનેસ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન અને એલઆઇબીએફના ડાયરેક્ટર વિજય કારિયા; લોહાણા મહાપરિષદના તત્કાલ ટ્રસ્ટી/ પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ કોટક; લોહાણા મહાપરિષદના માનનીય સેક્રેટરી હરીશ ઠક્કર; લોહાણા મહાપરિષદની બિઝનેસ ડેવપલપેમ્ટ કમિટિના વાઇસ ચેરમેન ભરત ઠક્કર, એલઆઇબીએફના સંયોજક શિલ્પાંગ કારિયાનો સમાવેશ થાય છે.

ટીસીએલ દ્વારા ટ્રાવેલ ટ્રેડ ફેર સાથે ટી 10 ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન

સુરતઃ ટ્રાવેલ ક્રિકેટ લીગ (ટીસીએલ) દ્વારા સતત ચોથા વર્ષે રજી , 3જી અને 4 થી જાન્યુઆરીના રોજ ટી 10 ક્રિકેટ ટુર્નામેન્ટનું સુરતના આંગણે આયોજન કરવામાં આવ્યું છે. ટીસીએલના દેવાંગ પંડ્યા અને જીજ્ઞેશ પટેલે જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ 2 થી 4 જાન્યુઆરી સુધી ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે. આ વર્ષે ક્રિકેટ ટુર્નામેન્ટ સાથે ટ્રાવેલ ટ્રેડ ફેર નું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ટ્રાવેલ બિઝનેસ સાથે જોડાયેલા ૭૦ થી વધુ સંસ્થાઓ ભાગ લઇ રહી છે તેમજ 450 થી પણ વધુ ટ્રાવેલ એજેન્ટસ વિઝીટ કરી રહ્યા છે. 2 જી જાન્યુઆરીએ લે મેરિડીયન હોટેલ ખાતેથી ભવ્ય રોડ શો સાથે ઇવેન્ટ ની શરૂઆત થશે. ઉદઘાટન પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ ભાઈ વઘાસિયા ઉપસ્થિત રહેશે. ટુર્નામેન્ટ ભેસાણ ખાતેના એન. કે. ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે થશે. આ ઇવેન્ટ યોજવા પાછળનું મુખ્ય ઉદ્દેશ્ય ટ્રાવેલ બિઝનેસ ને વેગ આપવા એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે

પંચમ ગ્રુપ દ્વારા ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો

સુરતઃ પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા તા.૨૯મી ડિસેમ્બર ના કલાપી સિનીયર સીટીઝન લાફિંગ ક્લબના સાનિધ્યમાં ફિલ્મી ગીતોનો કાર્યક્રમ અડાજણ SMC હોલમાં યોજાઈ ગયો. જેમાં કેતકી ભટ્ટ, કીશન ભટ્ટ, મેહા નાયક, દિવ્યાંગ ત્રિવેદી, રિધ્ધીશ કુમાર, નરેન્દ્ર પટેલ અને યશવંત પંડ્યાએ પોતાના ગીતો રજુ કર્યા હતા. પ્રમુખ વસંતભાઈએ આભાર વિધી સાથે સ્વાગત કર્યું હતું.

ગુજરાતમાં પણ સસ્તા સિલિન્ડરની માંગ સાથે આપનું વિરોધ પ્રદર્શન

સુરતઃ ભાજપના બીજા રાજ્યોની જેમ ગુજરાતમાં પણ સસ્તા ભાવે ગેસ સિલિન્ડર અને મહિલા સન્માન રાશિની માંગ સાથે ‘આપ’એ સમગ્ર રાજ્યમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં સુરતમાં પણ આપના કોર્પોરેટરો અને કાર્યકર્તાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બેનરો લઈને આપના કાર્યકર્તાઓ રસ્તા પર ઉતર્યા હતા, તેમજ નારેબાજી કરી હતી. સુરત જિલ્લામાં વિરોધ પ્રદર્શન દરમિયાન શહેર પ્રમુખ મહેન્દ્રભાઈ નાવડિયા, પાલિકા વિપક્ષ નેતા પાયલ સાકરીયા, લોકસભા પ્રમુખ રજનીભાઇ વાઘાણી, પૂર્વ વિપક્ષ નેતા ધર્મેશભાઈ ભંડેરી સહિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી.

શિક્ષણ સમિતિની શાળા ક્રમાંક-૩૦૧માં વાલી દિનની ઉજવણી

સુરતઃ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત સંચાલિત શ્રી પુરૂષોત્તમજી પ્રા.શાળા ક્રમાંક-૩૦૧માં તા.૩૧/૧૨/૨૦૨૩ ને રવિવારે “ વાલી દિન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ ધર્મેશભાઇ શાહ, સભ્ય રંજનાબેન ગૌસ્વામી, નિરંજનાબેન જાની, રાકેશભાઈ ભીકડિયા તથા સ્થાનિક કોર્પોરેટરો, નિરીક્ષક, અન્ય મહેમાન અને વાલીઓની ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત બાળકોએ 20 કૃતિ રજૂ કરી હતી. કાર્યક્રમમાં કુલ 1500 વાલીએ હાજરી આપી હતી. શિક્ષણમંત્રીના હસ્તે તમામ શિક્ષકોનું સન્માન કરી શૈક્ષણિક કામગીરીને બીરદાવવામાં આવી હતી.

અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ દ્વારા મનપાની ડુમસની શાળામાં વોટર કૂલરની ભેટ આપી નવા વર્ષની ઉજવણી કરાઈ

સુરતઃ અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ મહિલા શાખા દ્વારા બુધવારે ડુમસસ્થિત મનપાની શાળા નં.324માં વોટર કૂલર ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું